**<u>સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૩.</u>**

# ગુજરાત પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ (ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણનું નિયમન) વિધેયક, ૨૦૨૬.

## અનુક્રમણિકા


| કલમો | વિગત |
|---|---|
| | **પ્રકરણ ૧**<br>**પ્રારંભિક** |
| ૧. | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ. |
| ૨. | વ્યાખ્યા. |
| | **પ્રકરણ ૨**<br>**નિયમન કરવા અને લાઈસન્સ આપવા બાબત.** |
| ૩. | લાઈસન્સ આપનાર / નિયંત્રણ સત્તાધકારી વગેરે. |
| ૪. | લાઈસન્સ આપવા બાબત. |
| ૫. | નિષ્ણાત સમિતિ. |
| | **પ્રકરણ - ૩**<br>**વિશિષ્ટ વિગતવર્ણન** |
| ૬. | ઉત્પાદન માટેની શરતો. |
| ૭. | વિશિષ્ટ વિગતવર્ણન/ ધોરણો. |
| ૮. | વેચાણનું નિયમન. |
| ૯. | વોરંટી અને રિકોલ કાર્યરીતિ. |
| | **પ્રકરણ ૪**<br>**આહાર પૃથક્કરણ** |
| ૧૦. | પરીક્ષણ પ્રયોગશાળાઓ અને રેફરલ પ્રયોગશાળા (લેબોરેટરી). |
| ૧૧. | નમૂનાઓનું પૃથ્થકરણ, અહેવાલ. |
| ૧૨. | પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણોનું પરીક્ષણ. |
| ૧૩. | શંકાસ્પદ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ જપ્ત કરવા બાબત. |

| | |
|---|---|
| **૧૪.** | ગુના અને શિક્ષા. |
| **૧૫.** | અપીલ. |
| **૧૬.** | ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત. |
| | **પ્રકરણ ૫**<br>**પ્રકીર્ણ** |
| **૧૭.** | મુક્તિ આપવા બાબત. |
| **૧૮.** | રેકર્ડ, પત્રકો અને વાર્ષિક અહેવાલ નિભાવવા બાબત. |
| **૧૯.** | શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ. |
| **૨૦.** | સત્તાની સોંપણી. |
| **૨૧.** | પોલીસ અધિકારીની ફરજ. |
| **૨૨.** | આ અધિનિયમથી કોઇ અન્ય કાયદાનું અલ્પીકરણ થશે નહિ. |
| **૨૩.** | નિયમો કરવાની સત્તા. |
| **૨૪.** | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. |

**<u>GUJARAT BILL NO. 23 OF 2026.</u>**

# GUJARAT LIVE-STOCK FEED, POULTRY FEED AND MINERAL MIXTURE (REGULATION OF PRODUCTION, STORAGE, DISTRIBUTION, SALE AND QUALITY CONTROL) BILL, 2026.

## A BILL

*to provide the regulation and supervision of the production, storage, distribution, sale and quality control of Live-stock feed, poultry feed and mineral mixture in the State of Gujarat.*

**<u>સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૩.</u>**

# ગુજરાત પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ (ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણનું નિયમન) વિધેયક, ૨૦૨૬.

ગુજરાત રાજ્યમાં પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણના નિયમન અને દેખરેખની જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

### પ્રકરણ ૧
### પ્રારંભિક

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ (ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણનું નિયમન) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**વ્યાખ્યા.** **૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(૧) આહાર પદાર્થ અને સંયોજિત આહારના સંબંધમાં "ભેળસેળયુક્ત આહાર (Adulterated Feed)" એટલે એવો આહાર પદાર્થ અથવા સંયોજિત આહાર, કે જે-

તેની પ્રકૃતિ, ઘટક અથવા ગુણવત્તા અંગે કરવામાં આવેલી જાહેરાત સાથે સુસંગત ન હોય; અથવા

છેતરવા માટે અથવા ઉત્પાદન સસ્તુ કરવા માટે તેમાં અશુદ્ધ, સસ્તું અથવા બિનજરૂરી ઘટક ઉમેરવામાં આવ્યું હોય; અથવા

નિશ્ચિત રંગ આપવા માટે રંગ અથવા રંગદ્રવ્યનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હોય; અથવા

ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા ધોરણો અથવા ઠરાવવામાં આવે તેવા અન્ય ધોરણો સાથે સુસંગત ન હોય; અથવા બગડેલું અથવા નુકસાન પામેલું અથવા ફૂગગ્રસ્ત હોય અને પશુઓ અથવા મરઘાં માટે હાનિકારક હોય; **સન ૨૦૧૬નો ૧૧મો.**

(૨) "અપીલ સત્તાધિકારી" એટલે કલમ ૧૫-માં ઉલ્લેખેલા સત્તાધિકારી;

(૩) "અધિકૃત એજન્ટ" એટલે લાઈસન્સ ધરાવતા ઉત્પાદક અથવા વેપારી સાથે કરાર અથવા સમજૂતી હેઠળ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના સંગ્રહ, વિતરણ, હેરફેર અને વેચાણનું કામ કરતી હોય તેવી કોઈ વ્યક્તિ;

(૪) "કંપની" એટલે કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૨-ના ખંડ (૨૦)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કંપની; **સન ૨૦૧૩નો ૧૮મો.**

(૫) "સંપૂર્ણ આહાર" અથવા "કુલ મિશ્ર રાશન" એટલે પીસેલા રફેજ (ચારા) અને કન્સન્ટ્રેટ (સેન્દ્રિય) આહાર ઘટકોના યોગ્ય સંયોજનથી તૈયાર કરવામાં આવતો અને લોચા (mash), ગોળીઓ (pellet) અથવા બ્લોક સ્વરૂપે એકમાત્ર આહાર મિશ્રણ તરીકે આપવામાં આવતો પશુઓ માટેનો પોષણપૂર્ણ આહાર;

(૬) "સંયોજિત આહાર (Compound Feed)" એટલે વિકાસ, ઉત્પાદન અને પ્રજનન સ્થિતિ મુજબ પશુધન અને મરઘાંને ખવડાવવા માટે, ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલી વિગતો અને ઠરાવવામાં આવે તેવી અન્ય વિગતો અનુસાર બનાવવામાં આવતો પીસેલો, ગોળી (pellet) સ્વરૂપનો, ભૂકા (crumbled) સ્વરૂપનો અથવા મિશ્રિત આહાર;

સન ૨૦૧૬નો ૧૧મો.

(૭) ''સહકારી મંડળી અથવા દૂધ મંડળી (મિલ્ક યુનિયન) અથવા ખેડૂત ઉત્પાદક સંગઠન (ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન)'' એટલે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અથવા બહુવિધ રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૨૦૦૨ અથવા તેવા બીજા કોઈ તત્સમાન અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી કોઈ સંસ્થા, સંગઠન અથવા એકમ;

સન ૧૯૬૨-નો ગુજરાતનો ૧૦મો.
સન ૨૦૦૨-નો ૩૯મો.

(૮) "ક્રમ્બલ (Crumble)" એટલે દાણા સ્વરૂપમાં બનાવેલ પેલેટેડ (ગોળી સ્વરૂપમાં) આહાર;

(૯) "વિતરક અથવા વેપારી" એટલે પશુધન આહાર, મરઘાં ચણ અથવા ખનિજ મિશ્રણનું વિતરણ કરે અને/અથવા પશુધન આહાર, મરઘાં ચણ, ખનિજ મિશ્રણનું જથ્થાબંધ (હોલસેલ) ધોરણે વિક્રેતાઓને છૂટક વેચાણ માટે વેચાણ કરે તેવી વ્યક્તિ અથવા કંપની અથવા પેઢી અથવા સહકારી મંડળી અથવા દૂધ મંડળી અથવા ખેડૂત ઉત્પાદક સંગઠન;

(૧૦) "નિષ્ણાત સમિતિ" એટલે કલમ ૫ હેઠળ રચવામાં આવેલી સમિતિ;

(૧૧) "આહાર પૃથક્કરણ" એટલે ભેજ, કાચું પ્રોટીન, કાચું ફાઈબર, તેજાબમાં અદ્રાવ્ય રાખ (ઍસિડ ઈન્સોલ્યુબલ ઍશ), કુલ ઊર્જા, એમિનો ઍસિડ્સ અને પશુધન (આહાર) અને મરઘાં ચણના અન્ય પરિમાણોની ખરાઈ કરવા માટેની આહાર પૃથક્કરણની પ્રક્રિયા;

(૧૨) "આહાર પૃથક્કરણ પ્રયોગશાળા" એટલે પશુધન આહાર, મરઘાં ચણ અને ખનિજ મિશ્રણના નમૂનાઓનું પૃથક્કરણ કરવાના હેતુ માટેની પ્રયોગશાળા;

(૧૩) "આહાર ઘટક (Feed Ingredient)" એટલે પશુધન આહાર, મરઘાં ચણ અને ખનિજ મિશ્રણમાં ઉમેરવામાં આવતો કોઈ ઘટક ભાગ, સંયોજિત ભાગ અથવા કોઇ મિશ્રણ;

(૧૪) "પેઢી" એટલે ભારતના ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ હેઠળ રજિસ્ટર થયેલી પેઢી અથવા ભાગીદારી પેઢી; **સન ૧૯૩૨-નો ૯મો.**

(૧૫) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(૧૬) "આયાતકાર" એટલે ભારતમાં વેચાણ અથવા પુરવઠાના હેતુ માટે પશુધન આહાર, મરઘાં ચણ અથવા ખનિજ મિશ્રણની આયાત કરતી હોય તેવી કોઇ વ્યક્તિ;

(૧૭) "લાઈસન્સ" એટલે કલમ ૪ હેઠળ આપવામાં આવેલ કોઈ લાઈસન્સ;

(૧૮) "લાઈસન્સધારક" એટલે પશુધન આહાર, મરઘાં ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન અથવા પ્રક્રિયા માટે લાઈસન્સ ધરાવનાર વ્યક્તિ;

(૧૯) "પશુધન (Live-Stock)" એટલે કૃષિ પૃષ્ઠભૂમિમાં કામ માટે અથવા દૂધ, માંસ, ઊન, ચામડું, ઘેટાનું ઊન વગેરેના ઉત્પાદન માટે ઉછેરવામાં આવતા તમામ પ્રાણીઓ;

(૨૦) "પશુધન આહાર" એટલે જે સંયોજિત, પીસેલા (પેલેટેડ), ક્રમ્બલ્ડ (નાના દાણા), મૅશ્ડ (ભૂસા), એક્સટ્રુડેડ (છૂટા) અથવા મિશ્રિત સ્વરૂપમાં હોય અને જે પશુધનની પોષણ સંબંધી જરૂરિયાતોને સંપૂર્ણતઃ અથવા અંશતઃ પૂરી કરી શકે તેવા વિવિધ પોષક તત્વોનું સંતુલન ધરાવતા હોય અને આહારમાં આપવામાં આવે ત્યારે, તેમની (પશુધનની) જાળવણી, વૃદ્ધિ તથા ઉત્પાદન ક્ષમતા વધારવામાં મદદરૂપ બને તેવા કોઈ સરળ અથવા સંયોજિત ઉત્પાદન;

(૨૧) "ઉત્પાદક" એટલે પશુધન આહાર, મરઘાં ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન અથવા પ્રક્રિયામાં રોકાયેલી વ્યક્તિ/કંપની/પેઢી/સહકારી મંડળી/દૂધ મંડળી/ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO-ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન);

(૨૨) "ખનિજ મિશ્રણ (Mineral Mixture)" એટલે પૂરક આહાર તરીકે ઉપયોગમાં લેવામાં આવતું, મીઠા સાથેનું કે મીઠા વગરનું આવશ્યક નાના અને સૂક્ષ્મ ખનિજ તત્વોનું પાવડર સ્વરૂપે મિશ્રણ;

(૨૩) "ભ્રામક બ્રાન્ડેડ (Misbranded)" એટલે રજિસ્ટર થયેલ વેપારી નામનો દુરૂપયોગ;

(૨૪) "પેલેટ" એટલે કોઈ યાંત્રિક પ્રક્રિયાથી દબાવીને અને બળ આપીને બનાવેલ સંયોજિત આહાર;

(૨૫) "મરઘાં-ચણ (આહાર)" એટલે મરઘાં (જેમ કે મરઘી, ઈમુ, ગિની ફાઉલ, ક્વેઈલ, બતક, ટર્કી અને માદા હંસ, વગેરે)ની ઉત્તમ વૃદ્ધિ, આરોગ્ય અને ઉત્પાદનક્ષમતા માટે ખાસ પોષક આહારની જરૂરિયાતો પૂરી પાડવા વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ચોક્કસ રીતે તૈયાર કરવામાં આવતું ઘટકોનું મિશ્રણ. તે, પક્ષીના વય, જાતિ અને ઉપયોગ (ઉદાહરણ તરીકે, ઈંડા ઉત્પાદન અથવા માંસ ઉત્પાદન) અનુસાર કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન્સ, ચરબી, વિટામિન્સ અને ખનિજ તત્વોનું કાળજીપૂર્વક બનાવવામાં આવેલું સંતુલિત મિશ્રણ હોય છે;

(૨૬) "મરઘાં (Poultry)" એટલે માંસ અથવા ઈંડાના ઉત્પાદન માટે ઉછેરવામાં આવતા પક્ષીઓ અને તેમાં, મરઘાં, ઈમુ, ગિની ફાઉલ, ક્વેઈલ, બતક, ટર્કી અને માદા હંસ વગેરે જેવા પક્ષીઓનો સમાવેશ થાય છે;

(૨૭) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૨૮) "ઉત્પાદન/મેન્યુફેક્ચર" એટલે પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ બનાવવાની અથવા તેનું ઉત્પાદન કરવાની પ્રક્રિયા;

(૨૯) "ગુણવત્તા નિયંત્રણ" એટલે પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન દરમિયાન તેની પ્રક્રિયા અને ઉત્પાદિત પશુધન આહાર, મરઘાં ચણ અને ખનિજ મિશ્રણનું ઉત્પાદન, ભારતીય માનક બ્યુરો અધિનિયમ,

૨૦૧૬ અને આવા અન્ય ધોરણો હેઠળ ઠરાવવામાં આવે તેવા ધોરણો અનુસાર થયેલ છે તે સુનિશ્ચિત કરવાની ચકાસણીની પ્રક્રિયા; **સન ૨૦૧૬નો ૧૧મો.**

(૩૦) "સંદર્ભ (રેફરલ) પ્રયોગશાળા" એટલે વિવાદના કિસ્સામાં, પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના સંદર્ભ (રેફરલ) નમૂનાનું પૃથક્કરણ કરવાના હેતુ માટે, નિયંત્રણ સત્તાધિકારી દ્વારા અધિકૃત કરવામાં આવેલ પ્રયોગશાળા;

(૩૧) "વેચાણ" એટલે પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણના સંબંધમાં, કિંમતના બદલામાં, મૌખિક અથવા લેખિત, સંપૂર્ણ અથવા અંશતઃ ચૂકવેલ અથવા વાયદો કરેલ અથવા અંશતઃ વાયદો કરેલ માલિકીની તબદીલી;

(૩૨) "પ્રમાણભૂત પશુધન આહાર અથવા મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ" એટલે ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા અને ઠરાવવામાં આવે તેવા અન્ય ધોરણોનું પાલન કરતા કોઇ પશુધન આહાર અથવા મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ; **સન ૨૦૧૬નો ૧૧મો.**

(૩૩) "સંગ્રહવ્યવસ્થા" એટલે પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણને ભવિષ્યના ઉપયોગ / વિતરણ / વેચાણ વગેરે માટે ખાસ જગ્યાએ રાખવા અને સાચવવા;

(૩૪) "નિમ્ન કક્ષાના પશુધન આહાર અથવા મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ" એટલે ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા અને ઠરાવવામાં આવે તેવા ધોરણોનું પાલન ન કરતા હોય તેવા કોઇ પશુધન આહાર અથવા મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ; **સન ૨૦૧૬નો ૧૧મો.**

(૩૫) "વિક્રેતા" એટલે જેને ખેડૂતો અથવા અંતિમ વપરાશકર્તાઓને છૂટક વેચાણના હેતુ માટે, મંજૂર થયેલ કોઇ પશુધન આહાર / મરઘાં-ચણ / ખનિજ મિશ્રણ, ઉત્પાદક અથવા આયાતકાર દ્વારા વેચવામાં અથવા પહોંચાડવામાં આવે તેવી કોઇ વ્યક્તિ / કંપની / પેઢી / સહકારી મંડળી / દૂધ સંઘ / ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO);

## પ્રકરણ ૨

## નિયમન કરવા અને લાઈસન્સ આપવા બાબત.

**લાઈસન્સ આપનાર / નિયંત્રણ સત્તાધકારી વગેરે.**

**૩.** (૧) આ અધિનિયમના હેતુ માટે, પશુપાલન નિયામક-એ નિયંત્રણ સત્તાધિકારી રહેશે.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે, સંયુક્ત પશુપાલન નિયામક (વર્ગ - ૧)થી ઊતરતા દરજ્જાના ન હોય તેવા સરકારે અધિકૃત કરેલા પ્રાદેશિક સંયુક્ત પશુપાલન નિયામક-એ, લાઈસન્સ આપનાર સત્તાધિકારી રહેશે.

(૩) આ અધિનિયમના હેતુઓ માટે, મદદનીશ પશુપાલન નિયામક (વર્ગ-૨)થી ઊતરતા દરજ્જાના ન હોય તેવા સરકારે અધિકૃત કરેલા અધિકારી, પશુધન આહાર, મરઘાં- ચણ અને ખનિજ મિશ્રણ નિરીક્ષણ (તપાસ) અધિકારી રહેશે.

(૪) લાઈસન્સ આપનાર સત્તાધિકારી અને પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ નિરીક્ષણ (તપાસ) અધિકારીની સત્તા અને કાર્યો, ઠરાવવામાં આવે તેવા રહેશે.

**લાઈસન્સ આપવા બાબત.**

**૪.** (૧) કોઈ વ્યક્તિ, પેઢી, કંપની, સહકારી મંડળી, દૂધ સંઘ અથવા ખેડૂત ઉત્પાદક સંગઠને, આ અધિનિયમ હેઠળ લાઈસન્સની બોલીઓ અને શરતો અનુસાર લાઈસન્સ આપનાર સત્તાધિકારી દ્વારા મંજૂરી આપવામાં આવી હોય તે સિવાય, પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણનું કોઈપણ પ્રકારના માલ તરીકે ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેચાણ કરવું જોઈશે નહિ.

(૨) પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન, વેચાણ અથવા વિતરણનો પહેલેથી વ્યવસાય કરતા વ્યવસાય સંચાલકોએ ઠરાવવામાં આવે તેટલા સમયમાં લાઈસન્સ મેળવવું જોઈશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ ઠરાવવામાં આવેલ સમયમર્યાદામાં લાઈસન્સ માટે અરજી કરવામાં ન આવે, તો લાઈસન્સ આપનાર સત્તાધિકારી આવી વ્યક્તિ, કંપની, સહકારી મંડળી, દૂધ સંઘ અથવા ખેડૂત ઉત્પાદક સંગઠન દ્વારા ચલાવવામાં આવતા આવા તમામ

પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના વ્યવસાયોની કામગીરી બંધ કરવાનો હુકમ કરી શકશે.

(૪) દરેક વ્યવસાય અથવા ઉત્પાદન સ્થળ માટે અલગ લાઈસન્સ ફરજિયાત હોવું જોઈશે.

(૫) લાઈસન્સ માટેની અરજી અને લાઈસન્સ માટેની ફી, લાઈસન્સ કાઢી આપવાની, લાઈસન્સ કાઢી આપવાનો ઈન્કાર કરવાની, ડુપ્લિકેટ લાઈસન્સ કાઢી આપવાની, લાઈસન્સ રદ કરવાની, લાઈસન્સને તાજું (રિન્યુ) કરવાની વગેરે માટેની કાર્યરીતિ, ઠરાવવામાં આવે તેવી રહેશે.

**નિષ્ણાત સમિતિ.**

**૫.** (૧) સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, લાઈસન્સ કાઢી આપવા બાબતની અને પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદનની ગુણવત્તા નિયંત્રણને સંબંધિત તમામ બાબતો પર સલાહ આપવા અને આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા નિયમોનો અમલ કરાવવા એક નિષ્ણાત સમિતિની રચના કરી શકશે. નિષ્ણાત સમિતિની સત્તા અને કાર્યો, ઠરાવવામાં આવે એવા રહેશે.

(૨) નિષ્ણાત સમિતિમાં નીચેના સભ્યોનો સમાવેશ થશેઃ-

| | | |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ / સચિવ, પશુપાલન વિભાગ | અધ્યક્ષ |
| ૨ | પશુપાલન નિયામક | સભ્ય સચિવ |
| ૩ | પશુધન પોષણ વિભાગના વડા, કામધેનુ યુનિવર્સિટી /વૈજ્ઞાનિક / નિષ્ણાત | સભ્ય |
| ૪ | મરઘાં સંશોધન કેન્દ્રના વડા, કામધેનુ યુનિવર્સિટી /વૈજ્ઞાનિક / નિષ્ણાત | સભ્ય |
| ૫ | પશુપાલનના સંયુક્ત નિયામક, (ડેરી) | સભ્ય |
| ૬ | સંયુક્ત નિયામક / નાયબ નિયામક, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્ર્સ (BIS), અમદાવાદ | સભ્ય |
| ૭ | નાયબ નિયામક / અધિકૃત અધિકારી, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્ર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI), અમદાવાદ | સભ્ય |

## પ્રકરણ - ૩

## વિશિષ્ટ વિગતવર્ણન

**૬.** (૧) લાઈસન્સધારક પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન અથવા પ્રક્રિયા માટે ઠરાવેલા ધોરણોનું પાલન કરવા માટે બંધનકર્તા રહેશે. **ઉત્પાદન માટેની શરતો.**

(૨) લાઈસન્સધારક દ્વારા ઉત્પાદિત અથવા પ્રક્રિયા કરાયેલ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણનું ઠરાવેલી રીતે પરીક્ષણ કરવામાં આવશે.

(૩) પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન માટેની અન્ય શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

**૭.** પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન, વેચાણ, વિતરણ અને સંગ્રહને સંબંધિત વિશિષ્ટ વિગતવર્ણન/ધોરણો નીચે મુજબ રહેશેઃ- **વિશિષ્ટ વિગતવર્ણન/ધોરણો.**

(ક) કલમ ૬માં જણાવેલ વિશિષ્ટ વિગતવર્ણન/ ધોરણો,-

(૧) રાજ્યમાં ઉત્પાદિત અને રાજ્યની અંદર વેચાતા પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણને;

(૨) અન્ય રાજ્યોમાં ઉત્પાદિત અને વિતરણ/ વેચાણ/સંગ્રહ માટે રાજ્યમાં લાવવામાં આવતા પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણને;

(૩) અન્ય દેશોમાં ઉત્પાદિત અને વિતરણ/ વેચાણ/સંગ્રહ માટે રાજ્યમાં આયાત કરાયેલા પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણને,

-લાગુ પડશે.

(ખ) ઉત્પાદકે, ભારતીય માનક બ્યુરોએ (BIS) ભલામણ કરેલા ધોરણો/શરતોનું, નિષ્ણાત સમિતિ દ્વારા કરેલી ભલામણોનું તથા ઈન્ડિયન

કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (ICAR)-એ ભલામણ કરેલા ધોરણો/વિશિષ્ટ વિગતવર્ણનનું પાલન કરવાનું રહેશેઃ

પરંતુ કોઈ માન્ય પ્રજાતિઓ માટે ભારતીય માનક બ્યુરો (BIS) અથવા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (ICAR)ના ધોરણો ઉપલભ્ય ન હોય, તો નિષ્ણાત સમિતિએ નવા ધોરણો ઠરાવવા માટે સરકારને ભલામણ કરવી જોઇશે.

(ગ) પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનીજ મિશ્રણની બેગ/કન્ટેનરના લેબલમાં બ્યુરો ઓફ ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલ અને ઠરાવવામાં આવે તેવા અન્ય ધોરણો પ્રમાણેની તમામ માહિતી/વિગતો હોવી જોઈશે. **સન ૨૦૧૬નો ૧૧મો.**

(ઘ) પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણમાં કોઈપણ સંજોગો હેઠળ કોઈપણ પ્રતિબંધિત એન્ટિબાયોટિક્સ અથવા ફાર્માકોલોજિકલી (ઔષધીય રીતે) સક્રિય પદાર્થો હોવા જોઈએ નહિ.

**વેચાણનું નિયમન.** ૮. પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના વેચાણનું નિયમન નીચે મુજબ રહેશેઃ-

(૧) કોઈપણ વ્યક્તિ, પેઢી, કંપની, સહકારી મંડળી, દૂધ સંઘ અથવા ખેડૂત ઉત્પાદક સંસ્થા (સંગઠન)-એ કલમ ૭ની જોગવાઈઓનું પાલન ન થતું હોય તેવું કોઈપણ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનીજ મિશ્રણ, કોઇપણ અધિકૃત એજન્ટને વેચાણ કરવું જોઇશે નહિ અથવા વેચાણ માટે પ્રદર્શિત કરવું જોઇશે નહિ અથવા આપવું જોઇશે નહિ અથવા વેચાણના હેતુ માટે મોકલવું જોઇશે નહિ.

(૨) કલમ ૭ હેઠળ ઉલ્લેખેલા વિગતવર્ણનો અનુસાર, લાયસન્સધારક પાસેથી તેની ખરીદી કર્યા સિવાય, કોઈપણ વ્યક્તિએ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણનું વેચાણ અથવા સંગ્રહ કરવો જોઇશે નહિ.

(૩) (ક) તે, ઠરાવેલી માત્રા કરતાં વધુ પ્રમાણમાં કોઈ હાનિકારક પદાર્થ અથવા ઝેરી પદાર્થ અથવા અપોષક તત્વો અથવા નિષ્ક્રિય પદાર્થો ધરાવતા હોય;

(ખ) ભેળસેળયુક્ત અથવા ખોટું બ્રાન્ડિંગ જોવા મળે;

(ગ) અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈપણ નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવામાં આવે અથવા તેનો ભંગ થતો હોય,

-તો કોઈપણ વ્યક્તિ, પેઢી, કંપની, સહકારી મંડળી, દૂધ સંઘ અથવા ખેડૂત ઉત્પાદક સંસ્થા (સંગઠન)એ કોઈપણ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના વેચાણ અથવા વિતરણ માટે તેનું ઉત્પાદન, પ્રક્રિયા અથવા સંગ્રહ કરવો જોઈશે નહિ.

(૪) કોઈપણ વ્યક્તિ, પેઢી, કંપની, સહકારી મંડળી, દૂધ સંઘ અથવા ખેડૂત ઉત્પાદક સંગઠને, પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના વેચાણ, પુરવઠા, ઉપયોગ અને વપરાશને પ્રોત્સાહન આપવાના હેતુ માટે કોઈપણ ગેરકાયદેસર/ ગેરવાજબી/ છેતરપિંડીવાળા વેપાર વ્યવહારમાં રોકાવું જોઈશે નહિ અથવા જે-

(ક) એવી ભ્રામક (ખોટી રીતે) રજૂઆત કરતા હોય કે પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ ચોક્કસ ધોરણ, ગુણવત્તા, જથ્થા અથવા ગ્રેડ કોમ્પોજીશન (ગુણવત્તાયુક્ત કક્ષા ધરાવતી) વાળો છે;

(ખ) આવશ્યકતા અથવા ઉપયોગિતા અંગેની ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી રજૂઆત કરતા હોય;

(ગ) જનતાને અસરકારકતાની કોઈપણ બાંયધરી આપતા હોય, જે તેના યોગ્ય અથવા વૈજ્ઞાનિક સમર્થન પર આધારિત ન હોય,

- તેવી મૌખિક રીતે અથવા લેખિતમાં અથવા દૃશ્યમાન રજૂઆત દ્વારા કોઈપણ નિવેદન કરવાની પ્રથા સહિત કોઈપણ અન્યાયી અથવા ભ્રામક પ્રથા અપનાવવી જોઈશે નહિ.

(૫) કોઈપણ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણની બનાવટ, શક્તિ, ગુણવત્તા અને શુદ્ધતા ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા ધોરણો અને ઠરાવવામાં આવે તેવા અન્ય ધોરણોને પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, તો આ અધિનિયમના અર્થ મુજબ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ ભેળસેળયુક્ત હોવાનું ગણાશે.

**સન ૨૦૧૬નો ૧૧મો.**

(૬) (ક) કોઈપણ પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણના કોઈપણ કન્ટેનર પરની પ્રિન્ટ અથવા લેબલ અથવા તેનું પેકેજ એવું કોઈ નિવેદન, યુક્તિ (ડિવાઈસ) ધરાવતું હોય, જે તેની બનાવટ, શક્તિ, ગુણવત્તા, શુદ્ધતા અને સલામતી સંબંધી ખોટું, ગેરમાર્ગે દોરનારું હોય, ભ્રામક (કપટયુક્ત) હોય અથવા ભૂલવાળી છાપ ઊભી કરે તેવી શક્યતાવાળું હોય;

(ખ) તે, અન્ય અગાઉથી જ મંજૂર થયેલા/લાઈસન્સ પ્રાપ્ત પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ જે નામથી વેચાતા હોય અથવા ઓફર કરવામાં આવતા હોય અથવા વેચાણ માટે પ્રદર્શિત કરવામાં આવતા હોય તે જ નામ હેઠળ છેતરપિંડી કરી શકાય એવી રીતે મળતી આવે તેવી નકલવાળું હોય અથવા અવેજીમાં હોય અને તેના પર સ્પષ્ટ રીતે લેબલ લગાવવામાં આવ્યું ન હોય અથવા તેનું સાચું સ્વરૂપ દર્શાવી શકાય એવી રીતે લેબલ સ્પષ્ટ રીતે ચોંટાડવામાં આવ્યું ન હોય;

(ગ) તે ખરેખર કોઈ સ્થળ અથવા દેશનું ઉત્પાદન ન હોય તેવા સ્થળ અથવા દેશનું ઉત્પાદન હોવાનું દર્શાવવામાં આવ્યું હોય;

(ઘ) કોઈ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ માટેની જાહેરખબર ગેરમાર્ગે દોરનારી હોય અથવા છેતરપિંડી કરતી હોય અથવા આ અધિનિયમ અને તેના હેઠળ કરેલા નિયમોનું ઉલ્લંઘન કરતી હોય,

- તો આ અધિનિયમના અર્થ મુજબ પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણનું ખોટી રીતે (ભ્રામક) બ્રાન્ડિંગ કર્યું હોવાનું ગણાશે.

**૯.** કોઈપણ માન્ય થયેલા પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણના કોઈપણ ઉત્પાદક અથવા વિતરક અથવા એજન્ટ અથવા ડીલર (વેપારી)-એ, 'જેમ છે તેમ' અથવા 'જેમ ખવડાવી શકાય તેવા સ્વરૂપ'ના આધારે બાંયધરીકૃત પૃથક્કરણ દર્શાવેલ હોય તે સિવાય, તેને વેચવું જોઇશે નહિ અને આ અધિનિયમ હેઠળના ગુના માટે દોષિત ગણાશે; **વોરંટી અને રિકોલ કાર્યરીતિ.**

(ક) પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણનો કોઈ લાઇસન્સધારક એવું માનતા હોય અથવા તેને એવું માનવાને કારણ હોય કે તેણે પ્રક્રિયા કરેલ અથવા ઉત્પાદિત અથવા વિતરણ કરેલ પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ, ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા ધોરણો અને ઠરાવવામાં આવે તેવા અન્ય ધોરણોનું પાલન કરતું નથી, તો તેણે તરત જ, બજારમાંથી અને ગ્રાહકો પાસેથી આવા પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ પાછું ખેંચવાની કાર્યવાહી શરૂ કરવી જોઇશે અને ગ્રાહકોને તેને પાછું ખેંચવાના કારણો જણાવવા જોઇશે અને લાઇસન્સ સત્તાધિકારીઓને તેની જાણ કરવી જોઇશે;

(ખ) પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના લાઇસન્સધારક એવું માનતા હોય અથવા તેને એવું માનવાના કારણો હોય કે તેણે બજારમાં મૂકેલ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણો ગ્રાહકો માટે અસુરક્ષિત થઈ શકશે, તો તેણે, તરત જ લાઇસન્સ સત્તાધિકારીઓને જાણ કરવી જોઈશે અને તેમને સાથે સહકાર આપવો જોઇશે.

## પ્રકરણ ૪
## આહાર પૃથક્કરણ

**૧૦.** નિયંત્રણ અધિકારી આ અધિનિયમના હેતુઓ માટે આહાર પૃથક્કરણ અથવા પરીક્ષણ (ટેસ્ટીંગ) પ્રયોગશાળાઓ અને રેફરલ (સંદર્ભ) પ્રયોગશાળાઓને અધિકૃત કરશે. **પરીક્ષણ પ્રયોગશાળાઓ અને રેફરલ પ્રયોગશાળા પ્રયોગશાળા (લેબોરેટરી).**

નમૂનાઓનું પૃથક્કરણ, અહેવાલ.

**૧૧.** નમૂનાઓનું પૃથક્કરણ અને તેનો અહેવાલ ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવ્યા પ્રમાણે અને અને ઠરાવવામાં આવે તેવા અન્ય ધોરણો પ્રમાણે રહેશે.

સન ૨૦૧૬નો ૧૧મો.

પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણોનું પરીક્ષણ.

**૧૨.** સરકાર દ્વારા અધિકૃત કરાયેલા મદદનીશ નિયામક (પશુપાલન) ના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને, કોઈપણ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણોનું પરીક્ષણ કરવાની અને આવા નમૂનાને પૃથક્કરણ માટે પ્રયોગશાળામાં મોકલવાની સત્તા રહેશે અને તે લાઇસન્સ સત્તાધિકારીને અહેવાલ રજૂ કરશે.

શંકાસ્પદ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ જપ્ત કરવા બાબત.

**૧૩.** લાઈસન્સ સત્તાધિકારીને એવું માનવાને કારણ હોય કે કોઈપણ પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ, આ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન થતું હોય તેમ રાખવામાં આવ્યું છે અથવા વેચાણ માટે પ્રદર્શિત કરવામાં આવ્યું છે અથવા ઓફર કરવામાં આવ્યું છે, તો તે, આવા પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણને જપ્ત કરશે અથવા કબજામાં લેશે અને જપ્ત કરાયેલ સામગ્રીને તે જ્યાંથી જપ્ત કરવામાં આવી હોય તે જગ્યાએ અથવા તેને યોગ્ય જણાય તેવા સ્થળે રાખશે અથવા સંગ્રહ કરશે.

ગુના અને શિક્ષા.

**૧૪.** (૧) જે કોઈ વ્યક્તિ, પોતે અથવા તેના વતી અન્ય કોઈ વ્યક્તિ દ્વારા નિમ્નકક્ષાના ગુણવત્તાવાળા પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણનું ઉત્પાદન, સંગ્રહ, વિતરણ કરતો હોય અથવા તેનું વેચાણ કરતો હોય, તો તે વ્યક્તિ, લાઇસન્સ સત્તાધિકારી દ્વારા લાદવામાં આવેલ પાંચ લાખ રૂપિયા સુધીના દંડ અને એક વર્ષ માટે લાઈસન્સ મોકૂફ કરવાની શિક્ષાને પાત્ર થશે.

(૨) જે કોઈ વ્યક્તિએ પોતે અથવા તેના વતી અન્ય કોઈ વ્યક્તિએ પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ માટે ખોટી (ભ્રામક) બ્રાન્ડિંગની અથવા ગેરમાર્ગે દોરતા વેપાર વ્યવહારો કર્યા હોય, તો તે વ્યક્તિ, લાઇસન્સ સત્તાધિકારી દ્વારા લાદવામાં

આવેલ પાંચ લાખ રૂપિયા સુધીના દંડ અને ત્રણ વર્ષ માટે લાઈસન્સ મોકૂફ કરવાની શિક્ષાને પાત્ર થશે.

(૩) જે કોઈ વ્યક્તિ, પોતે અથવા તેના વતી અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ભેળસેળયુક્ત પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ બનાવતો હોય, લાઈસન્સ સત્તાધિકારી દ્વારા તાત્કાલિક તેનું લાઈસન્સ રદ કરવામાં આવશે, અને -

(૧) આવી ભેળસેળથી પશુધન અથવા મરઘાંનું મૃત્યુ ન થાય, તો દોષિત ઠર્યેથી, તેને એક વર્ષની મુદત સુધીની કેદ અને પાંચ લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે;

(૨) આવી ભેળસેળથી પશુધન અથવા મરઘાંનું મૃત્યુ થાય, તો તેને, દોષિત ઠર્યેથી, સાત વર્ષથી ઓછી નહિ પણ દસ વર્ષ સુધીની કેદની અને દસ લાખ રૂપિયા સુધીના દંડની પણ શિક્ષા થઈ શકશે;

(૪) કોઈપણ વ્યક્તિ, -

(૧) પેટા-કલમ (૧) હેઠળના ગુના માટે મદદ કરે અથવા સહાય કરે, તો તે વ્યક્તિ, ત્રણ લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે;

(૨) પેટા-કલમ (૨) હેઠળના ગુના માટે મદદ કરે અથવા સહાય કરે, તો તે વ્યક્તિ, ત્રણ લાખ રૂપિયા સુધીના દંડને પાત્ર થશે;

(૩) પેટા-કલમ (૩) હેઠળના ગુના માટે મદદ કરે અથવા સહાય કરે, તો તે વ્યક્તિ, દોષિત ઠર્યેથી, છ મહિનાની મુદત સુધીની કેદની શિક્ષા અને ત્રણ લાખ રૂપિયા સુધીના દંડને પણ પાત્ર થશે;

**૧૫.** અપીલ અધિકારી; **અપીલ.**

(૧) આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ લાઈસન્સ સત્તાધિકારીના હુકમથી નારાજ થયેલી કોઈપણ વ્યક્તિ, આવો હુકમ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ/ અગ્રસચિવ/ સચિવ(પશુપાલન)-ને અપીલ કરી શકશે;

(૨) નારાજ થયેલી વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય, આ કલમ હેઠળ કોઈપણ હુકમ કરવો જોઇશે નહિ.

(૩) અપીલ અનિર્ણિત હોય, તો ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ (પશુપાલન) આદેશ આપી શકશે કે અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી, આવો હુકમ અમલમાં આવશે નહિ;

(૪) ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ/ અગ્રસચિવ/ સચિવ (પશુપાલન), અપીલની તજવીજ કરતી વખતે, જેના સંબંધમાં કોઇ અપીલ દાખલ કરી હોય, તે હુકમની પુષ્ટિ કરી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તેમાં સુધારો કરી શકશે;

(૫) ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ/ અગ્રસચિવ/ સચિવ (પશુપાલન)નો નિર્ણય, આખરી અને નિર્ણાયક રહેશે.

**ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત.**

**૧૬.** કોઈપણ કોર્ટે, લાઈસન્સ અધિકારી દ્વારા લેખિત ફરિયાદ દાખલ કરવામાં આવેલી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ કોઈ શિક્ષાપાત્ર ગુનાની ન્યાયિક નોંધ લેવી જોઈશે નહિ.

## પ્રકરણ ૫
## પ્રકીર્ણ

**મુક્તિ આપવા બાબત.**

**૧૭.** આ અધિનિયમનો કોઈપણ મજકૂર, -

(ક) પશુધન અથવા મરઘાં ઉછેરમાં, કૃષિ વ્યવસાયમાં રોકાયેલા ખેડૂતો અથવા વ્યક્તિઓ અને તેમના દ્વારા ઉછેરવામાં આવતા પશુધન અથવા મરઘાંને ખોરાક આપવા માટે, ઉત્પન્ન કરવામાં આવેલાં, ઉત્પાદિત કરવામાં આવેલા અથવા તૈયાર કરવામાં આવેલા પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણો; અથવા

(ખ) સંશોધનના હેતુઓ માટે, યુનિવર્સિટીઓ અથવા સંશોધન સંસ્થાઓ દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલાં પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણો;

-ને લાગુ પડશે નહિ.

**૧૮.** (૧) લાઈસન્સધારકે, પોતાના વ્યવસાયને સંબંધિત હોય તેવા ચોપડા, હિસાબો અને રેકર્ડ ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે નિભાવવા જોઈશે. **રેકર્ડ, પત્રકો અને વાર્ષિક અહેવાલ નિભાવવા બાબત.**

(૨) લાઈસન્સધારકે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, પત્રકો અને વાર્ષિક અહેવાલ, લાઈસન્સ સત્તાધિકારીને રજૂ કરવા જોઈશે.

**૧૯.** આ અધિનિયમ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ નિયમ અથવા હુકમ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય માટે, નિષ્ણાત સમિતિના કોઈ અધિકારી અથવા સભ્ય, નિયંત્રણ સત્તાધિકારી, લાઈસન્સ સત્તાધિકારી, પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ નિરીક્ષણ (તપાસ) અધિકારી અથવા અધિકૃત અધિકારી સામે કોઈપણ દાવો, ફોજદારી કામ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ. **શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.**

**૨૦.** સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના અધિકારીને, આ અધિનિયમ હેઠળ, તેની તમામ અથવા કોઈ સત્તાની સોંપણી કરી શકશે. **સત્તાની સોંપણી**

**૨૧.** આ અધિનિયમ હેઠળ, તેમની સત્તા કાયદેસર રીતે વાપરવા માટે પોલીસ અધિકારીને આવી સહાયની વાજબી વિનંતી કરવામાં આવે ત્યારે,કોઈ સત્તાધિકારીને સહાય કરવાની પોલીસ અધિકારીની ફરજ રહેશે. **પોલીસ અધિકારીની ફરજ.**

**૨૨.** આ અધિનિયમની જોગવાઈઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓ ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું કાયદાની જોગવાઈઓનું અલ્પીકરણ થશે નહિ. **આ અધિનિયમથી કોઈ અન્ય કાયદાનું અલ્પીકરણ થશે નહિ.**

નિયમો કરવાની સત્તા.

**૨૩.** (૧) સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર દરમિયાન અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ, તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજય વિધાનમંડળ, તેમાં જે કોઇ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૩) રાજય વિધાનમંડળ, એવી રીતે જે કંઇ રદ કરે અથવા જે કંઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયેથી તે અમલમાં આવશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

**૨૪.** (૧) આ અધિનિયમની કોઇ જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો સરકાર, રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા સામાન્ય અથવા ખાસ હુકમથી, સદરહુ મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે જરૂરી અથવા ઇષ્ટ હોય તેવી, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશેઃ

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી, એવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરવામાં આવેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્ય ૯૬.૩૪ લાખ પશુઓ, ૧૦૫.૪૩ લાખ ભેંસો (દેશમાં ૩જા ક્રમે), ૧૭.૮૭ લાખ ઘેટાં, ૪૮.૬૮ લાખ બકરાં (બકરી) અને ૨૧૭.૭૩ લાખ મરઘાંની વસ્તી સાથે સમૃદ્ધ અને વૈવિધ્યસભર પશુધન સંસાધનોથી સંપન્ન છે.

પશુધન અને મરઘાં-ચણ, ગુણવત્તાયુક્ત પશુ આહાર પેદાશોના ઉત્પાદન માટે અને છેવટે પ્રજાને પ્રોટીનથી સમૃદ્ધ ખોરાકનો પૂરો પાડવા માટે મહત્વપૂર્ણ સામગ્રી હોવાથી, ગુજરાત રાજ્યમાં પશુધન અને મરઘાં-ચણ તેમજ ખનિજ મિશ્રણના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણનું નિયમન કરવા માટે, એક અધિનિયમ ઘડવો આવશ્યક છે, જેથી કરીને ઉત્પાદનના ધોરણો અને આહારની ગુણવત્તાને સુનિશ્ચિત કરી શકાય; પશુધન અને મરઘાં-ચણ, ખનિજ મિશ્રણ અને સંયોજિત ખાદ્ય ઘટકોમાં ભેળસેળ અને ભ્રામક લેબલિંગને નિયંત્રણમાં લાવી શકાય તથા પશુધન ઉછેર સાથે સંકળાયેલા બહોળા વર્ગના સમુદાય અને જાહેર આરોગ્યના હિતમાં આનુષંગિક બાબતો સાથે તજવીજ હાથ ધરી શકાય.

હાલમાં, રાજ્યમાં પશુધન અને મરઘાં-ચણ તેમજ ખનિજ મિશ્રણના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણ માટે, કોઈપણ નિયમનકારી તંત્ર (વ્યવસ્થા) ઉપલબ્ધ નથી. રાજ્યમાં પશુધન અને મરઘાં-ચણ વ્યવસાયમાં અનૈતિક અને ગેરકાયદેસર પ્રથાઓ (વ્યવહારો)ને અટકાવવા તેમજ પશુધન અને મરઘાં-ચણ વ્યવસાયમાં ગુણવત્તા નિયંત્રણના પગલાં અમલમાં મૂકવા માટે, રાજ્યમાં નીચેના મુખ્ય ઉદ્દેશો સાથે, પશુપાલકોના હિતોનું રક્ષણ કરવા માટે, તાત્કાલિક ધોરણે એક અધિનિયમ ઘડવાની જરૂરિયાત જણાય છેઃ -

આ વિધેયકના ઉદ્દેશો નીચે મુજબ છેઃ

(૧) ઉત્પાદનના ધોરણો અને આહારની ગુણવત્તા સુનિશ્ચિત કરવી;

(૨) પશુધન અને મરઘાં-ચણ, ખનિજ મિશ્રણ અને સંયોજિત ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને ભ્રામક લેબલિંગને નિયંત્રણમાં લાવવા;

(૩) કાનૂની અમલબજવણી દ્વારા જરૂરી નિયમનકારી અને દેખરેખ તંત્ર (વ્યવસ્થા) મારફત પશુધન અને મરઘાં-ચણ, ખનિજ મિશ્રણના ગુણવત્તા ધોરણો સુનિશ્ચિત કરવા અને તેનું પાલન કરવું;

(૪) ગુજરાતમાં પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેચાણ માટે તમામ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ વ્યવસાય સંચાલકોને, લાઇસન્સ કાઢી આપીને 'પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ અધિનિયમ'ના કાર્યક્ષેત્ર હેઠળ લાવવા;

(૫) પશુપાલકોને ઘટકોની ટકાવારીના આધારે તેમની પસંદગી અને જરૂરિયાત મુજબ ગુણવત્તાયુક્ત પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ પસંદ કરવા માટે સક્ષમ બનાવવા; અને

(૬) ગુણવત્તાયુક્ત પશુ પેદાશોના ઉત્પાદન માટે પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણમાં પ્રતિબંધિત એન્ટિબાયોટિક્સ, ઔષધીય રીતે સક્રિય પદાર્થો અને અન્ય કોઈ ભેળસેળના ઉમેરણને કડકાઈથી અટકાવવું અને તેમ કરીને સારી બ્રાન્ડ ઈમેજ સાથે, અન્ય રાજ્યોમાં ગુણવત્તાયુક્ત પશુધન આહાર પુરવઠાને અને આંતરરાષ્ટ્રીય બજારમાં નિકાસને પ્રોત્સાહન આપવું.

આ વિધેયકથી ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક મહત્વની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવવામાં આવી છેઃ-

**કલમ ૧.-** આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ માટે જોગવાઈ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમ ૩.-** આ કલમથી, લાઇસન્સ સત્તાધિકારી માટેની અને નિયંત્રણ સત્તાધિકારી અને પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ નિરીક્ષણ (તપાસ) અધિકારીને અધિકૃત કરવાની

જોગવાઈ કરી છે. તેનાથી, આવા સત્તાધિકારીઓની ઠરાવવામાં આવે તેવી સત્તા અને કાર્યો અંગેની પણ જોગવાઈ કરી છે.

**કલમ ૪.**- આ કલમથી, લાઈસન્સ વિના પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણનું ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેચાણના વ્યવસાય પર પ્રતિબંધ માટેની જોગવાઈ કરી છે. તેનાથી, લાઇસન્સ માટેની અરજી અને ફીની, લાઇસન્સ કાઢી આપવાની, લાઇસન્સ કાઢી આપવાનો ઇન્કાર કરવાની, ડુપ્લિકેટ લાઇસન્સ કાઢી આપવાની, લાઈસન્સ રદ કરવાની, લાઈસન્સને તાજું (રિન્યુ) કરવાની વગેરે માટે ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ અંગેની પણ જોગવાઈ કરી છે.

**કલમ ૫.**- આ કલમથી, લાઈસન્સ કાઢી આપવા બાબતની અને પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદનની ગુણવત્તા નિયંત્રણને સંબંધિત તમામ બાબતો પર સલાહ આપવા અને આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા નિયમોનો અમલ કરાવવા એક નિષ્ણાત સમિતિની સ્થાપના કરવાની જોગવાઈ કરી છે. તેનાથી, નિષ્ણાત સમિતિની ઠરાવવામાં આવે તેવી સત્તા અને કાર્યો અંગેની પણ જોગવાઈ કરી છે.

**કલમ ૬.**- આ કલમથી, તેમાં જણાવ્યા પ્રમાણે પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન અથવા પ્રક્રિયાની શરતો માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૭.**- આ કલમથી, તેમાં જણાવ્યા પ્રમાણે પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન, વેચાણ, વિતરણ અને સંગ્રહને સંબંધિત વિશિષ્ટ વિગતવર્ણન અથવા ધોરણો માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૮.**- આ કલમથી, તેમાં જણાવ્યા પ્રમાણે પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના વેચાણનું નિયમન કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૯.**- આ કલમથી, કોઈ પશુધન આહાર, મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા ધોરણો અને ઠરાવવામાં આવે તેવા અન્ય

ધોરણોનું પાલન કરતું નથી, તો તેની વોરંટી (બાંયધરી) અને રિકોલ (પાછું ખેંચવાની) કાર્યરીતિ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૦.-** આ કલમથી એવી જોગવાઈ કરી છે કે નિયંત્રણ અધિકારી, આ અધિનિયમના હેતુઓ માટે, આહાર પૃથક્કરણ અથવા પરીક્ષણ પ્રયોગશાળાઓ અને રેફરલ (સંદર્ભ) પ્રયોગશાળાઓને અધિકૃત કરશે.

**કલમ ૧૧.-** આ કલમથી એવી જોગવાઈ કરી છે કે નમૂનાનું પૃથક્કરણ અને તેનો અહેવાલ ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા અને ઠરાવવામાં આવે તેવા અન્ય ધોરણો પ્રમાણે રહેશે.

**કલમ ૧૨.-** આ કલમથી, કોઈપણ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણનું પરીક્ષણ કરવાની અને આવા નમૂનાને પૃથક્કરણ માટે, પ્રયોગશાળામાં મોકલવાની અને લાઈસન્સ સત્તાધિકારીને અહેવાલ રજૂ કરવાની સત્તા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૩.-** આ કલમથી, શંકાસ્પદ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણની જપ્તી માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૪.-** આ કલમથી, તેમાં જણાવ્યા પ્રમાણેના ગુના અને શિક્ષા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૫.-** આ કલમથી, લાઈસન્સ આપવાનો અથવા તાજું (રિન્યુ) કરવાનો ઈન્કાર કરતાં અને/અથવા લાઈસન્સ રદ કરતા લાયસન્સ અધિકારીના હુકમથી નારાજ થયેલી કોઈપણ વ્યક્તિએ અપીલ કરવાની અને તેમાં જણાવ્યા પ્રમાણે અપીલ અધિકારીની સત્તાની જોગવાઈ કરી છે.

**કલમ ૧૬.-** આ કલમથી, લાઈસન્સ અધિકારી દ્વારા લેખિત ફરિયાદ દાખલ કરવામાં આવી હોય તે સિવાય ગુનાની ન્યાયિક નોંધ લેવા પર પ્રતિબંધ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૭.-** આ કલમથી, તેમાં જણાવ્યા પ્રમાણે આ અધિનિયમની જોગવાઈઓમાંથી મુક્તિ આપવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૮.-** આ કલમથી, તેમાં જણાવ્યા પ્રમાણે રેકર્ડ નિભાવવાની, પત્રકો અને વાર્ષિક અહેવાલ રજૂ કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૯.-** આ કલમથી, શુદ્ધબુદ્ધિથી કરેલા કોઇ કાર્ય માટે કોઇ કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ, તે બાબત માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૨૦.-** આ કલમથી, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમ હેઠળ, તમામ અથવા કોઇ સત્તાની, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના આવા અધિકારીને સોંપણી કરી શકશે, તે બાબતની જોગવાઈ કરી છે.

**કલમ ૨૧.-** આ કલમથી, આ અધિનિયમ હેઠળ, પોલીસ અધિકારીને તેમની સત્તાના કાયદેસર ઉપયોગ માટે પોલીસ અધિકારીને, આવી સહાયની વાજબી વિનંતી કરવામાં આવે, ત્યારે કોઈ સત્તાધિકારીને સહાય કરવાની ફરજ રહેશે, તે બાબતની જોગવાઈ કરી છે.

**કલમ ૨૨.-** આ કલમથી, આ અધિનિયમની જોગવાઈઓ તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ, તે બાબતની જોગવાઈ કરી છે.

**કલમ ૨૩.-** આ કલમથી, રાજ્ય સરકારને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૨૪.-** આ કલમથી, રાજ્ય સરકારને, આ અધિનિયમના આરંભની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર કોઇ મુશ્કેલી ઊભી થાય, તો તે દૂર કરવાની સત્તા મળે છે.

**જીતુભાઇ વાઘાણી,**

## નાણાકીય યાદી

ગુજરાત પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ (ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણનું નિયમન) વિધેયક, ૨૦૨૬થી, ગુજરાત રાજ્યમાં, પશુધન ઉછેર સાથે સંકળાયેલા સમુદાયના બહોળા વર્ગના હિત અને જાહેર આરોગ્ય માટે, પશુધન અને મરઘાં-ચણ તેમજ ખનિજ મિશ્રણના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણના નિયમન માટેની જોગવાઈ કરવા ધાર્યું છે. સંબંધિત અધિનિયમોની જોગવાઈઓને અમલમાં મૂકવા માટે, વહીવટી માળખું અગાઉથી જ અસ્તિત્વમાં છે અને તેથી, તેને અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે, તો તેનાથી રાજ્યના એકત્રિત ફંડમાંથી કોઈ વધારાનું ખર્ચ થશે નહિ.

**જીતુભાઈ વાઘાણી,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૨.-** (૧) આ કલમના પેટા-ખંડ (૧)થી, રાજ્ય સરકારને, આહાર પદાર્થ અથવા સંયોજિત આહાર માટેના ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા ધોરણો સિવાયના ધોરણો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમના પેટા-ખંડ (૬)થી, રાજ્ય સરકારને, ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલ વિગતવર્ણન સિવાયનો કોઈપણ પીસેલો, ગોળી (pellet) સ્વરૂપનો, ભૂકા (crumbled) સ્વરૂપનો અથવા મિશ્રિત આહાર માટેના વિગતવર્ણન, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૩) આ કલમના પેટા-ખંડ (૨૯)થી, રાજ્ય સરકારને, ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા ધોરણો સિવાયના, તેમાં ઉલ્લેખેલા ઉત્પાદનો માટેના ધોરણો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૪) આ કલમના પેટા-ખંડ (૩૨)થી, રાજ્ય સરકારને, ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળના ઠરાવેલા ધોરણો સિવાયના, કોઇ પ્રમાણભૂત પશુધન આહાર અથવા મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ માટે પાલન કરવાના ધોરણો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૫) આ કલમના પેટા- ખંડ (૩૪)થી, રાજ્ય સરકારને, ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળના ઠરાવેલા ધોરણો સિવાયના, કોઇ નિમ્ન કક્ષાના પશુધન આહાર અથવા મરઘાં-ચણ અથવા ખનિજ મિશ્રણ માટે પાલન કરવાના ધોરણો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૩.-** આ કલમની પેટા-કલમ (૪)થી, રાજ્ય સરકારને, લાઇસન્સ અધિકારી અને પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ નિરીક્ષણ અધિકારીની સત્તા અને કાર્યો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૪.-** (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન, વેચાણ અથવા વિતરણનો પહેલેથી વ્યવસાય કરતા હોય તેવા વ્યવસાય સંચાલકોએ જે સમયમાં લાઇસન્સ મેળવવું જોઇશે તે સમય, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૫)થી, રાજ્ય સરકારને, લાઇસન્સ માટેની અરજી અને લાઇસન્સ માટેની ફી, લાઇસન્સ કાઢી આપવાની, લાઇસન્સ કાઢી આપવાનો ઇન્કાર કરવાની, ડુપ્લિકેટ લાઇસન્સ કાઢી આપવાની, લાઇસન્સ રદ કરવાની, લાઇસન્સને તાજું (રિન્યુ) કરવાની વગેરે માટેની કાર્યરીતિ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૫.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, તેની પેટા-કલમ (૨) માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના સભ્યોની બનેલી નિષ્ણાત સમિતિની

સ્થાપના કરવાની સત્તા મળે છે; તેનાથી રાજ્ય સરકારને, નિષ્ણાત સમિતિની સત્તા અને કાર્યો, નિયમોથી ઠરાવવાની પણ સત્તા મળે છે.

**કલમ ૬.-** (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, લાઇસન્સધારકે જે રીતે ઉત્પાદિત અથવા પ્રક્રિયા કરાયેલ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણનું પરીક્ષણ કરવું જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને, જે શરતોને અધીન રહીને પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણનું ઉત્પાદન કરવું જોઇશે તે અન્ય શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૭.-** આ કલમની પેટા-કલમ (ગ)થી, રાજ્ય સરકારને ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા ધોરણો સિવાય, પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણની બેગ/કન્ટેનરના લેબલ માટેની માહિતી/વિગતો માટેના ધોરણો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૮.-** આ કલમની પેટા-કલમ (૫)થી, રાજ્ય સરકારને, ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા ધોરણો સિવાય, પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણની બનાવટ, સઘનતા, ગુણવત્તા અને શુદ્ધતા માટેના ધોરણો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૯.-** આ કલમની પેટા-કલમ (ક)થી, રાજ્ય સરકારને, ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલ ધોરણો સિવાય, પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણની પ્રક્રિયા, ઉત્પાદન અને વિતરણ માટે લાઇસન્સધારકે પાલન કરવાના ધોરણો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૧.-** આ કલમથી, રાજ્ય સરકારને, ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ હેઠળ ઠરાવેલા ધોરણો સિવાય, નમૂનાનું પૃથક્કરણ અને તેનો અહેવાલ માટેના ધોરણો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૮.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી રાજ્ય સરકારને, લાઈસન્સધારકે, જે નમૂનામાં અને જે રીતે તેના વ્યવસાયને લગતાં તેવા ચોપડા, હિસાબો અને રેકર્ડ જાળવવા જોઈશે તે નમૂના અને તે રીત નિયમોથી, ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, લાઈસન્સધારકે, જે નમૂનામાં અને જે રીતે, પત્રકો અને વાર્ષિક અહેવાલો, લાઈસન્સ સત્તાધિકારીને રજૂ કરવા જોઈશે તે નમૂના અને તે રીતે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૦.-** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના અધિકારીને આ અધિનિયમ હેઠળ તેની તમામ સત્તા અથવા તે પૈકીની કોઈ સત્તાની સોંપણી કરવાની સત્તા મળે છે.

**કલમ ૨૩.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૨૪.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા હુકમથી, આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓને દૂર કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખઃ ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૬. **જીતુભાઈ વાઘાણી.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૩.]

ગુજરાત રાજ્યમાં પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણના નિયમન અને દેખરેખની જોગવાઈ કરવા બાબત વિધેયક.

[શ્રી જીતુભાઈ વાઘાણી,

કૃષિ મંત્રીશ્રી]

(સન ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની ૧લી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડયા,
સચિવ,
ગુજરાત વિધાનસભા.